**PAGE NO.5**

**સોગંદ આપ્યા.....**

અરજદારે હર્ષાબેન વા./ઓ. વિશ્વાસભાઈ જોષીની આંક–૧૦ની સરતપાસ લગત સામાવાળા નં. ૧, ૨ તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી પી.આર.દવે.

(૧) હું દસ ધોરણ નાપાસ છુ. મારા લગ્ન આ કામના સામાવાળા નં. ૧ સાથે તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજ મોરબી મુકામે થયેલા. મારે મારા સીવાય એક મોટા બેન છે. મારે ભાઈ નથી. મારા મોટાબેનના લગ્ન ચરાડવા મુકામે થયેલ છે. એ વાત ખરી છે કે મારા મોટાબેન અત્યારે મોરબી મુકામે રહે છે. એ વાત ખરી છે કે મારા સામાવાળા નં. ૧ ના લગ્નજીવનથી અમારે બે સંતાનો જેમા મોટી દિકરી મનસ્વી ઉ.વ. ૭ તથા નાનો દિકરો યજ્ઞ ઉ.વ. સાડા ત્રણ વર્ષ છે. જેમા હાલ દિકરો યજ્ઞ મારી પાસે છે તથા દિકરી મનસ્વી મારા પતિ પાસે છે. એ વાત ખરી છે કે લગ્ન બાદ હું સંયુકત કુટુંબમા સાથે રહેતી હતી. હું લગ્ન કરીને સાસરીમા રહેવા ગઈ ત્યારે સાત વર્ષ સુધી મારા ફઈજી સાસુ, દીયર અને સસરા સાથે રહેતા હતા. જેમા મારા સસરા છેલ્લા ચાર વર્ષ થી અલગ રહે છે. એ વાત ખરી છે કે મારા સસરાએ બે લગ્ન કરેલા છે. મારા સસરાએ બીજા લગ્ન આશરે ચાર વર્ષ પહેલા કરેલ છે. મારા સાસુ કે જેમણે મારા પતિને જન્મ આપેલ છે, તેમનુ નામ મને ખબર નથી અને મારા સસરાએ બીજા લગ્ન કરેલ છે તે મારા સાસુનુ નામ રમાબેન છે. મને એ વાતની ખબર નથી કે મારા પતિને જન્મ આપનાર મારા સાસુ ઘણા સમય પહેલા મરણ ગયેલ છે. મારા દીયરનું નામ કિશન છે. એ વાત ખરી છે કે મારા પતિ તથા મારા દીયરનો શરૂઆતથી ઉછેર આ કામના સામાવાળા નં.૨ મારા ફઈજી સાસુએ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા નં. ૨ ભારતીબેન વ્યાસ મારા ફઈજી સાસુ નિ:સંતાન અને વિધવા છે.

આ તબકકે સામાવાળા તરફે અરજદારની વધુ ઉલટતપાસ માટે મુદત અરજી આવતા સબબ કામ અરજદારની વધુ ઉલટતપાસ માટે મુલતવી.

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૦૪/૧૧/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

(શરૂ ૦૩:૫૭, ૦૫:૪૧પુર્ણ)



**સોગંદ આપ્યા.....**

<u>અરજદારે હર્ષાબેન વા./ઓ. વિશ્વાસભાઈ જોષીની આંક–૧૦ની સરતપાસ લગત સામાવાળા નં. ૧, ૨ તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી પી.આર.દવે.</u>

(૨) હું અત્યારે હળવદ મુકામે મારી માતા સાથે રહું છુ. મારી સાથે અત્યારે મારી માતા અને હું બે સીવાય બીજુ કોઈ રહેતુ નથી. હું અત્યારે જે મકાનમા રહું છુ તે મકાનની માલીકી મારા દાદાની છે. એ વાત ખરી છે કે હું તથા મારા માતા અમારા વડીલોપાર્જીત મકાનમા રહીએ છીએ. એ વાત ખરી છે કે મે હાલની આ અરજી દાખલ કરતા પહેલા મોરબી મુકામે મારા પતિ અને બાળકો સાથે ભાડાના મકાનમા રહેતી હતી. એ વાત ખરી છે કે હું મોરબી મુકામે અરજી દાખલ કરતા પહેલા મારા પતિ અને બાળકો સાથે ભાડાના મકાનમા રહેતી હતી ત્યારે મારા ફોઈજી સાસુ અલગ રહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું બે મહીના જ અલગ રહી છુ બાકી આઠ વર્ષ ભેગી રહેલ છુ.
સવાલ:– તમારા પતિ મોરબીના ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયાને ત્યા પટ્ટાવાળાની કામગીરી કરે છે?
જવાબ:– મારા પતિ બધુ હેન્ડલીંગ જાતે કરે છે, કાંતીભાઈ અમૃતીયાના માણસોના પગાર મારા પતિ કરે છે.
હું એ કહી શકુ તેમ નથી કે કાંતીભાઈ અમૃતીયાની ઓફિસમા કેટલા માણસો કામ કરે છે. એ વાત ખરી નથી કે મારા પતિ કાંતીભાઈ અમૃતીયાની ઓફિસમા પટ્ટાવાળા તરીકે કામ કરે છે.
(૩) એ વાત ખરી છે કે મે ફેમીલી કોર્ટ હળવદમા ભરણપોષણ મેળવવા માટેની ફોજદારી પરચુરણ અરજી નં.૧૫/૨૦૨૫થી દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે મે મારી આંક–૧ની અરજી તથા આંક–૧૦ના સરતપાસના સોગંદનામાના પેરા ૬ મા ''અમોની દિકરી મનસ્વી સ્કુલે ગયેલ હોય ત્યારે આ કામના સામાવાળા અને અમોના ફોઈજી સાસુએ અમો સાથે ઝઘડો કરેલો'' તેવુ લખાવેલ છે. એ વાત ખરી છે કે મે મારી આંક–૧ની અરજી તથા આંક–૧૦નુ સોગંદનામુ વાંચેલ છે. એ વાત ખરી છે કે મારી આંક–૧ની અરજી તથા આંક–૧૦ના સરતપાસના સોગંદનામામા મારા પતિને બીજી છોકરી સાથે પ્રેમ સબંધ છે, તે છોકરીની કોઈ વિગતો લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી પાસે બધા પુરાવા છે, હું કોર્ટમા રજુ કરાવ ખુશી છુ. હું મોરબીના ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયાને મળેલ છુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેટલીયે વાર મળેલ છું. હું મોરબીના ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયાને અમારા ઘરે, તેમની ઓફિસે તથા કાંતીભાઈ અમૃતીયાના ઘરે પણ મળેલ છુ. મારા અને સામાવાળાના લગ્નજીવન દરમ્યાન હું ત્રણ વાર રીસામણે આવેલ છુ. હું ત્રણ વાર રીસામણે આવેલ તે આ છેલ્લા ત્રણ વર્ષમા જ ત્રણ વાર રીસામણે આવેલ છુ.
સવાલ:– તમે મોરબીના ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયાને મળ્યા છો, તો કયારેય તમે આ પતિ–પત્નીના ઝઘડાના નીરાકરણ કરવા માટે કયારેય મળ્યા છો?
જવાબ:– હું મળી નથી પરંતુ મે તે અંગે સમાજ ધ્વારા કહેવડાવેલ છે અને એક વાર તેમણે સમાધાન પણ કરાવેલુ.
સવાલ:– તમે તમારા પતિ સામે ફો.પ.અરજી નં. ૮૯/૨૦૨૪ તથા ફો.પ.અરજી નં.૧૭૭/૨૦૨૪થી ઘરેલુ હિંસા તથા ભરણપોષણની અરજી દાખલ કરેલ, તેમા સમાધાન થતા પરત ખેંચેલી?

જવાબ:– સમાધાનની વાત ચાલતી હતી એટલે મોરબી મહીલા સુરક્ષામાંથી ફોન આવેલો, અને મહીલા સુરક્ષાવાળાએ પુછયુ કે તમારે સમાધાનની વાતચીત ચાલે છે ? એટલે મે હા પાડી એટલે તેના આધારથી રીપોર્ટ આવ્યો એટલે કેસ બંધ થઈ ગયો, મે કેસ બંધ કરાવેલ નથી.
એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નં.ર ને મારા તથા મારા પતિનાલગ્ન જીવન અંગે કોઈ જ લેવાદેવા નથી. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નં. ર મોરબી મુકામે રસોડાનુ કામ કરીને અમને મદદરૂપ થાય છે. એ વાત ખરી નથી કે આજે પણ સામાવાળા નં.ર મોરબીમા રસોડાના કામ કરે છે.
સવાલ:– તમે આ ઝઘડો થયો તે પહેલા સામાવાળા નં.રની માલીકીના મકાનમા સામાવાળા નં.ર ની સાથે રહેતા હતા?
જવાબ:– ના, એમની માલીકીના મકાન ભાડે આપેલ છે અને સામાવાળા નં.ર મારા સસરાની માલીકીના મકાનમા રહેતા હતા.
એ વાત ખરી છે કે મે આ કામે મારા સાસુ, સસરા અને દિયરને પક્ષકાર તરીકે જોડેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી સાસુ અને સસરાને પણ ઝઘડો કરીને કાઢી મુકેલ છે અને દિયર નાના છે અને તે મારા પતિની સાથે રહે છે. મારા સાસરાને મોરબીમા એક મકાન તથા મોરબીમા એક દુકાન અને ગામડે એક મકાન આવેલ છે. એ વાત ખરી છે કે આ દુકાન અનાજ કરીયાણાની છે. એ વાત ખરી છે કે મારા પતિ અને મારી મોટી દિકરી મનસ્વી સાથે રહે છે. મનસ્વીની ઉમર સાત વર્ષ પુર્ણ થઈ આઠમુ વર્ષ ચાલે છે અને હાલ પહેલા ધોરણમા ભણે છે. એ વાત ખરી છે કે મનસ્વીનુ ભરણપોષણ દવા તેમજ શિક્ષણનો ખર્ચ મારા પતિ ઉઠાવે છે. એ વાત ખરી નથી કે મારા પતિ કાંતીભાઈ અમૃતીયાની ઓફિસમા પટ્ટાવાળાનુ કામ કરીને માસીક રૂપીયા આઠ હજાર પગાર મેળવે છે. એ વાત ખરી નથી કે મારા પતિને રૂપીયા આઠ હજારનો પગાર હોય મારા મોજશોખ પુરા થતા નથી અને હું સ્વછંદી સ્વભાવ ધરાવતી હોઉ જેથી હાલની આ ખોટી અરજી દાખલ કરેલ છે.
સવાલ:– તમારા પતિ તમને આજે પણ તેડી જવા તૈયાર છે, તમે જવા તૈયાર છો?
જવાબ:– બે મહીના પહેલા સમાધાન કરીને ગયેલી, પાછુ એનુ એ જ થયુ, મને મારા પતિ કોર્ટમા લખાણ કરી આપે અને મારા લગ્નમા જે દાગીના ચઢાવેલા તે મને પાછા આપે તો હું રહેવા જવા તૈયાર છુ.
એ વાત ખરી છે કે મારા લગ્ન મોરબી મુકામે થયેલા. એ વાત ખરી છે કે આ લગ્નનો તમામ ખર્ચ સામાવાળા નં.૧ તથા તેમના પરીવારે ઉઠાવેલ. એ વાત ખરી નથી કે મારા પહેરેલ કપડે લગ્ન કરાવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વસ્તુઓ તો થોડી થોડી આપી હોય ને. એ વાત ખરી છે કે મારા પિયર પક્ષ તરફથી મારા લગ્નમા મને આપેલ ચીજવસ્તુઓની વિગત મારી આંક–૧ની અરજી તથા આંક–૧૦ના સરતપાસના સોગંદનામામા દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આઠ વર્ષ થઈ ગયા હોવાથી મારી પાસે બીલો ન હોય તેથી મે જણાવેલ નથી.
સવાલ:– તમે તમારી અરજીમા પાંચ લાખ રૂપીયાનો કરીયાવર કર્યાની વિગત ખોટી જણાવી છે?
જવાબ:– દાગીના અને આપેલ બધી વસ્તુ થઈને પાંચ લાખ જણાવેલ છે.
(૪) સાગરભાઈ ભાજપના કાર્યકર્તા છે અને શીતલબેન સાથે એમને છે જ એવુ એટલે બંનેને ઓળખે છે.
સવાલ:– શીતલબેન અને સાગરભાઈ તા.ર૯/૦૩/ર૫નારોજ તમારા ઘરે તમને બંનેને સમજાવવા માટે આવેલા?
જવાબ:– ના, ઝઘડો કરવા માટે આવેલા, મે મેસેજ અને ફોન કરવાની ના પાડેલી તેથી.
એ વાત ખરી નથી કે મારા પતિનો ટુકો પગાર હોવાના કારણે અને મારા સ્વતંત્ર અને

સ્વછંદી સ્વભાવના કારણે તેમજ એશઆરામવાળુ જીવન હોવાથી મે ફીનાઈલ પીધેલી. સામાવાળાઓના ત્રાસના કારણે મે દવા પીધેલી. એ વાત ખરી નથી કે મારા પતિના ટુકા પગારમા અને આ કામના સામાવાળા નં.ર ના અમારો લગ્નસંસાર ચલાવવામા મદદરૂપ થતા હોવા છતા હું મનફાવે તેવુ વર્તન કરી સામાવાળાઓ સામે હાલની ખોટી અરજી દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળાઓએ મને માનસીર કે શારીરીક ત્રાસ આપેલ છે. એ વાત ખરી નથી કે મારા સ્વતંત્ર, સ્વછંદી અને ઝઘડાળુ સ્વભાવને લીધે વારંવાર લગ્નજીવન દરમ્યાન હું રીસામણે જતી રહું છુ. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નં.રની જે સ્થાવર મિલકત છે તે મિલકત આ કામના સામાવાળા નં.૧ના નામે કરાવવા હું આ કામના સામાવાળા નં .૧ અને ર ને છુટાછેડા લેવાની વારંવાર ધમકીઓ આપુ છુ. એ વાત ખરી નથી કે મે આ કામના સામાવાળા નં. ૧ને એવુ કહેલ છે કે સામાવાળા નં.ર ની મિલકત તમારા નામે નહી કરાવો તો હું મારા માવતરે જતી રહીશ. એ વાત ખરી નથી કે સામાવાળા નં.રની મિલકત પડાવી લેવા હું સામાવાળા નં. ૧ અને ર ને માનસીક ત્રાસ આપુ છુ. એ વાત ખરી નથી કે હું મારી માતાની ચઢામણીના કારણે આ કામના સામાવાળા નં.૧નો તથા મારી દિકરી મનસ્વીનો સ્વેચ્છાએ ત્યાગ કરેલ છે. એ વાત ખરી નથી કે મે આ કામના સામાવાળાઓને ડરાવવા માટે ફીનાઈલ પીધેલ હતી. એ વાત ખરી છે કે મારા પતિ વિશ્વાસભાઈએ મારા તથા જીગરભાઈ સંજયભાઈ જોષી રહે. ઈશ્વરનગર, તાલુકો હળવદ તથા અશોકભાઈ સામતભાઈ પરમાર રહે. મોરબી વિરૂધ્ધ મોરબી તાલુકા પો.સ્ટે.ખાતે અરજી આપેલ. એ વાત ખરી છે કે મારા પતિએ મોરબી તાલુકા પો.સ્ટે.મા જે અરજી આપેલ તેના કામે મારુ તથા જીગર સંજયભાઈ જોષી તથા અશોક સામતભાઈ પરમારનુ નીવેદન લીધેલુ. એ વાત ખરી નથી કે વોટસ એપ ચીટચેટ તેમજ વિડીયો કોલીંગ તેમજ ઈન્સ્ટાગ્રામ આઈડી સાથે હું સંકળાયેલ હોઉ, જે અંગેની આ કામના સામાવાળા નં.૧નાએ મોરબી પો.સ્ટે.મા અરજી આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જીગરભાઈ ફેમીલીમા થાય છે અને બીજાભાઈ રાત્રે ઝઘડો થતો હતો એટલે બચાવવા આવેલા, બાજુમા જ રહે છે અને હળવદ જીઈબીમા ગાડી ચલાવે છે એટલે કામથી ફોન કરેલો. એ વાત ખરી નથી કે મે મોરબી પો.સ્ટે.મા સામાવાળા નં.૧ એ આપેલ અરજીના કામે આપેલ નીવેદનમા જીગરભાઈ ફેમીલીમા થાય છે અને બીજાભાઈ રાત્રે ઝઘડો થતો હતો એટલે બચાવવા આવેલા, બાજુમા જ રહે છે અને હળવદ જીઈબીમા ગાડી ચલાવે છે એટલે કામથી ફોન કરેલો, તેવી વિગત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે અમો સામાવાળા નં.૧ નાને કોઈ સ્ત્રી સાથે કોઈ ખોટા સબંધો નથી. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળાઓને ડરાવવા અને ધમકાવવા માટે તેમજ મારે અન્ય પુરૂષો સાથે ખોટા સબંધો હોવાથી અને સામાવાળાઓ કોઈ બોલે નહી એટલા માટે વ્યવસ્થીત રીતે મે ફીનાઈલ પીવાનુ નાટક કરેલુ. એ વાત ખરી નથી કે અશોકભાઈ સામતભાઈ પરમાર તથા જીગરભાઈ સંજયભાઈ જોષી સાથે હું અવારનવાર મોબાઈલમા વાતચીતો કરતી હતી અને વોટસ એપમા ચીટચેટ કરી વિડીયો કોલીંગ કરતી હતી તેમજ ઈન્સ્ટગ્રામમા પણ હું જોડાયેલ હતી. એ વાત ખરી નથી કે મે આ કામના સામાવાળા નં.૧નાને મારા અન્ય પુરૂષમિત્રો સાથેના સબંધોની કોઈને પણ વાત કરશો તો હું છુટાછેડા આપી દઈશ, આવી ધમકી આપેલી. એ વાત ખરી નથી કે મે ફીનાઈલ પીધા પછી મારા તમામ રીપોર્ટ નોર્મલ હતા. એ વાત ખરી નથી કે મે ફીનાઈલ પીધી ત્યારે હોસ્પિટલનુ તમામ બીલ મારા પતિએ ભરેલુ. એ વાત ખરી નથી કે મારા ખોટા સબંધ છુપાવવા માટે અને ખોટી રીતે સામાવાળાઓને હેરાન કરવા અને ડરાવવા માટે ફીનાઈલ પીવાનુ તરકટ કરેલુ. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નં.૧નાની સાથે તા.૨૭/૦૩/૨૫નારોજ નાસ્તો બનાવવાની બાબતમા ઝઘડો થયેલ. એ વાત ખરી નથી કે તા.૨૭/૦૩/૨૫નારોજ સામાવાળા નં.૧ના

ઓફિસ ગયા પછી હું પુત્ર યજ્ઞને લઈને હળવદ આવી ગયેલ. એ વાત ખરી નથી કે હું મારા લગ્નજીવનના સાત વર્ષ દરમ્યાન અનેક વાર રીસામણે આવેલ. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નં. ૨ના ઉપર તથા અમો સામાવાળા નં.૧ના ઉપર ખોટા કેસો કરીને અમારા બાળકોનુ જીવન બરબાદ કરુ છુ. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા પાસેથી પૈસા પડાવવા માટે શારીરીક માનસીક અને આર્થીક રીતે હું ત્રાસ આપુ છુ. એ વાત ખરી નથી કે હું ઈરાદાપુર્વક લગ્નજીવનના પવિત્ર સબંધો નીભાવવા માટે બીલકુલ ગંભીર નથી અને કાયદાનો દુરુપયોગ કરીને હાલનો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નં.૧નાએ મારી મોટીબેન ઘરે આવેલ હતી ત્યારે પેંડલ સેટ, એક સોનાની જેન્ટસ વીંટી તથા એક સોનાની લેડીઝ વીંટી તથા સોનાની બુટી તથા ચાંદીના સાંકળા અને રોકડા રૂપીયા એક લાખ સાંઈઠ હજાર પુરા મે મારી બેનને આપેલા. એ વાત ખરી નથી કે ઉપરોકત વિગતના દાગીના તથા રોકડા રૂપીયા એક લાખ સાંઈઠ હજાર મે તથા મારા મમ્મીએ સામાવાળા નં.૧ નાને ભુલી જવાનુ કીધેલુ. એ વાત ખરી નથી કે મે સ્વૈચ્છીક રીતે સામાવાળા નં.૧ના તથા મારી પુત્રીને મનસ્વીને મુકીને મારા પીયરે આવી ગયેલ છુ. એ વાત ખરી નથી કે હું રાજકોટ, પોરબંદર તેમજ અલગ અલગ જગ્યાએ બે માસ સુધી ફરેલ છુ અને તે દરમ્યાન કયારેય કોઈ ફોન પણ કરેલ નથી. એ વાત ખરી નથી કે કલમ –૧૮મુજબ અમે સામાવાળા નં.૧ના ધર્મ પત્ની છીએ અને કલમ–૧૮મુજબના આવશ્યક જરૂરી તત્વોનો મે કયાય આંક–૧ની અરજી તથા સરતપાસના સોગંદનામામા કયાય ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે કલમ–૧૯મુજબ અમો અમારા માતૃશ્રીના વડીલોપાર્જીત મકાનમા રહેતા હોવાથી અલગ ભાડાના મકાનમા રહેવાની જરૂરીયાત નથી. એ વાત ખરી નથી કે કલમ–૨૦ મુજબ આ કામના સામાવાળા નં.૧નાની ટુંકી આવક હોય અને ખાનગી ઓફિસમા પટ્ટાવાળા તરીકેની ફરજ અદા કરતા હોય, આર્થીક મદદ કરી શકે તેમ નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ફેર તપાસ નથી.

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૦૨/૧૨/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.